| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૨–૧૦–૨૦૨૦ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૨–૧૦–૨૦૨૦ |
| ફેંસલ તારીખ | ૧૫–૦૪–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૫ ૦૫ ૨૪ |

**મે. રાણાવાવના જ્યુડી.મેજી. ફર્સ્ટ કલાસ સાહેબશ્રી ની અદાલતમાં,**
**મું.રાણાવાવ.**

**ફોજદારી કેસ નં. ૧૮૦/૨૦૨૦**
**આંક–૬૪.**

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિ રૂ ધ્ધ**

**આરોપી** : **શબ્બીર ઉર્ફે શબલો મહમદભાઈ સેલોત**
ઉ.વ.૨૪, રહે. રોકડીયા હનુમાન સામે,
વાણંદ સોસાયટી, તા.જી.પોરબંદર.

| | |
|---|---|
| ગુનો: | **ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટની કલમ–૧૮૩,૧૮૪, ૧૭૭, ૧૩૪ મુજબ..** |

........................................................................................................

ફરીયાદપક્ષ........તરફે : વિ.એ.પી.પી.શ્રી જે. એલ. ઓડેદરા.
આરોપીપક્ષ.......તરફે : વિ. વકીલ શ્રી આર. બી. જેઠવા.

........................................................................................................

**॥ ઠ રા વ ॥**

**(૧). ફરીયાદપક્ષ ના કેસની હકીકત :–** આરોપીએ ગઈ તા.૨૬/૧૨/૨૦૧૯ નાં કલાક ૧૨:૦૦ વાગ્યાના અરસામાં પોતાના કબ્જા–હવાલાવાળી ટાટા કંપની ની જેનાન કાર જેના રજી. નં. GJ-25-U-4009 વાળી પુરપાટ ઝડપે અને માનવ જીંદગી જોખમાય તે રીતે બેફીકરાઈથી ચલાવી ધ્રુબકાનેશ રોડ પર ફરીયાદીના દિકરા લખમણ બટુકભાઈ મોરીને તથા ફરીયાદી લીલુબેન વા.ઓ.બટુકભાઈ જીવાભાઈ મોરીને હડફેટે લેતાં ફરીયાદીના દિકરાને ડાબા પગમાં ફ્રેકચર તથા ગોઠણથી પગ અલગ કરી (કપાઈ ગયેલ) તેમજ કમરનાં ભાગે ઈજા કરી નાશી જઈને ગુન્હો કરેલ, જે ગુનાની ફરીયાદ રાણાવાવ પોલીસ સ્ટેશનમાં આપતા સદર ફરીયાદ રજીસ્ટરે લઈ આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૮૩, ૧૮૪, ૧૭૭, ૧૩૪ મુજબનો ગુનો દાખલ કરી તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨). ગુના નું સંજ્ઞાન :–** આ કામે તપાસ કરનાર અમલદારે અદાલત માં આરોપી વિરૂધ ચાર્જશીટ રજૂ કરતા, સંહિતાની કલમ–૧૯૦ (૧) (બી) પ્રમાણે આરોપી સામે ના ગુન્હા અંગે નું સંજ્ઞાન લઈ સંહિતા ની કલમ–૨૦૪ અન્વયે સમન્સ કાઢતા આરોપી તેમના વકીલશ્રી મારફત હાજર થયેલ તેઓને સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે પુરી પાડેલ અને આરોપી સામે સદર ગુના ની **આંક–૦૩ થી પ્રાથમિક જવાબ/પ્લી (નિવેદન)** લેતા ગુન્હા નો ઈન્કાર કરેલ, જેથી તેઓ સામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ હતી.

**(૩). પુરાવો :**–આ કામે ફરીયાદપક્ષ તરફે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે જે નીચે મુજબ ના છે.

**–: મૌખિક પુરાવો:–**

| અનુ. નં. | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|
| (૧) | ૧૨ | મુકેશભાઈ દ્વારકાદાસ જોષી | પંચસાહેદ |
| (૨) | ૧૫ | બટુકભાઈ જીવાભાઈ મોરી | સાહેદ |
| (૩) | ૧૭ | લીલુબેન બટુકભાઈ મોરી | ફરીયાદી |
| (૪) | ૧૯ | સફીકભાઈ પ્યારઅલી કાનાણી | પંચસાહેદ |
| (૫) | ૨૧ | કરશનભાઈ દાસાભાઈ કોડીયાતર | સાહેદ |
| (૬) | ૨૨ | ભીમાભાઈ જીવાભાઈ મોરી | સાહેદ |
| (૭) | ૨૪ | જેશાભાઈ ભીમાભાઈ કોડીયાતર | સાહેદ |
| (૮) | ૨૬ | સાગરસિંહ કીરીટસિંહ જાડેજા | સાહેદ |
| (૯) | ૩૫ | ડો.વિકલ્પ વીપીનભાઈ શાહ | મેડીકલ ઓફીસર |
| (૧૦) | ૪૫ | વિજયભાઈ રણછોડભાઈ ચોસલા | ત.ક.અધિકારી |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| અનુ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૧૩ | બનાવવાળી જગ્યાનું પંચનામુ |
| (૨) | ૧૪ | આરોપીનું અટક પંચનામુ |
| (૩) | ૧૮ | અસલ ફરીયાદ |
| (૪) | ૩૬ | ઈજા અંગેનું સર્ટીફીકેટ |
| (૫) | ૩૭ | ડીસ્ચાર્જ ફોર્મ |
| (૬) | ૪૬ | તપાસનો ડેપ્યુટ હુકમ |
| (૭) | ૪૭ | ફોર્મ નં.૫૪ |
| (૮) | ૪૮ | આરોપીનું ડ્રાઈવીંગ લાઈસન્સ |
| (૯) | ૪૯ | આરોપીના વાહનની આર.સી.બુકની નકલ |
| (૧૦) | ૫૦ | આરોપીના વાહનની વિમા પોલીસીની નકલ |

**(૪). વિશેષ નિવેદન :**– આ કામે ફરીયાદપક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રી એ મૌખીક વિનંતી થી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરતા આ કામે ક્રિ. પ્રો. કોડ ની કલમ–૩૧૩ અન્વયે આરોપી વિરૂધ્ધ પડેલ પુરાવા અંગે નું વિશેષ નિવેદન નોંધેલ જેમાં આરોપી એ તેઓએ કોઈ ગુન્હો કરેલ નથી અને નિર્દોષ છે અને સોગંદ ઉપર પુરાવો કે બચાવ માં સાહેદ તપાસવાનો ઈન્કાર કરેલ છે.

**(૫). દલીલ :–** આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, આ કામે ફરીયાદીને જુબાનીમાં અકસ્માતના બનાવમાં તેમના દિકરાને ઈજા થયેલાની હકીકત જણાવેલ છે તેમજ તેઓ સાઈડ માં ચાલી ને જતા હતા ત્યારે વાહન ચાલકે હડફેટે લીધેલ હતા અને ડ્રાઈવર ને અકસ્માત સમયે જોયેલ હતો અને આ કામે તપાસેલ અન્ય સાહેદોએ હીયરસે સાહેદો છે અને તેઓએ પણ અકસ્માતમાં બનાવમાં ફરીયાદી ના દિકરાને ઈજા થયેલાનું જણાવેલ છે. આમ, ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનો ગુનો નિ:શંકપણે પુરવાર કરેલ હોય આરોપીને કાયદામાં ઠરાવેલ મહતમ સજા કરવા અરજ ગુજારેલ છે.

આ કામે આરોપી તરફે તેમના વિ.વ.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે આ કામે ફરીયાદી સિવાય તપાસવામાં આવેલ કોઈ પણ સાહેદોએ અકસ્માતનો બનાવ નજરે જોયેલ નથી અને અકસ્માતનો બનાવ કોની બેદરકારીથી બનેલ તેની તેઓને ખબર નથી તેમજ અકસ્માત કરનાર વાહન ના રજીસ્ટ્રેશન નંબર કે આ આરોપી જ અકસ્માત કરનાર વાહન હંકારતો હતો તેવો પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આ કામે તપાસેલ પંચસાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. આમ, ફરીયાદપક્ષે તેઓનો કેસ નિ:શંકપણે પુરવાર કરે ન હોય આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ હકીકતો પુરવાર થયેલ ન હોવા થી શંકા નો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**<u>(૬). મુદદાઓ :</u>–** ફરીયાદ હકીકત, તેમજ રજુ થયેલ પુરાવો અને કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતા આ કેસના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>:: મુ દ્દા ઓ ::</u>**

(૧) શું ફરીયાદપક્ષ એ હકીકત પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ ગઈ તા.૨૬/૧૨/૨૦૧૯ નાં કલાક ૧૨:૦૦ વાગ્યાના અરસામાં પોતાના કબ્જા–હવાલાવાળી ટાટા કંપની ની જેનાન કાર જેના રજી. નં. GJ-25-U-4009 વાળી પુરપાટ ઝડપે અને માનવ જીંદગી જોખમાય તે રીતે બેફીકરાઈથી ચલાવી ધ્રુબકાનેશ રોડ પર ફરીયાદીના દિકરા લખમણ બટુકભાઈ મોરીને તથા ફરીયાદી લીલુબેન W/O. બટુકભાઈ જીવાભાઈ મોરીને હડફેટે લેતાં ફરીયાદી ના દિકરાને ડાબા પગમાં ફ્રેકચર તથા ગોઠણથી પગ અલગ કરી (કપાઈ ગયેલ) તેમજ કમરનાં ભાગે ઈજા કરી નાશી જઈને ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટની કલમ–૧૮૩, ૧૮૪,૧૭૭,૧૩૪ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શુ હુકમ ?

**<u>(૭). મુદદા ના જવાબો :</u>– સદર** મુધ્દાઓ પરત્વે આ કોર્ટ નો નિર્ણય તેના કારણો સહીત નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**<u>ઉપરોકત નિર્ણયો ના મારા કારણો નીચે મુજબ.</u>**

**<u>(૮). ન્યાયશાસ્ત્ર નો સિધ્ધાંત :</u>–** ન્યાયશાસ્ત્ર ના સ્થાપિત સિધાંત મુજબ 'પુરવાનુ મુલ્યાંકન' શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યાલબ્ધ કરવામાં આવેલ નથી તે માટે કાનુન સમર્થિત કોઈ નિયમ નથી, પુરાવાનુ મુલ્યાંકન કઈ રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજાગો પર આધારીત હોય છે. પુરાવા નું મુલ્યાંકન નો આધાર પુરાવાના કાયદા ની કલમ–૩ માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારીત છે. ફોજદારી કાર્યવાહી માં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાના કેસ ની હકીકતો શંકાથી પરે સાબિત કરવાની હોય છે. ફોજદારી કાર્યવાહી ના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી પરંતુ ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ નું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનુ રહે છે. સાબિત થયેલ હકીકત કોને કહેવાય તે જોવામા આવે તો અદાલત સમક્ષ રજુ થયેલી બાબતો પર થી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનુ અસ્તિત્વ હોવાનુ માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય ઉપરોકત સિધ્ધાંતો ધ્યાને લઈ આ કેસની હકીકતો નુ નિરીક્ષણ કરવાનુ રહે છે.

**<u>(૯). મુદ્દા નં. ૧ :</u>– આ** મુદા ની ચર્ચા કરીયે શું ફરીયાદપક્ષ એ હકીકત પુરવાર કરે છે કે, આરોપીએ ગઈ ગઈ તા.૨૬/૧૨/૨૦૧૯ નાં કલાક ૧૨:૦૦ વાગ્યાના અરસામાં પોતાના કબ્જા–હવાલાવાળી ટાટા કંપની ની જેનાન કાર જેના રજી. નં. GJ-25-U-4009 વાળી પુરપાટ ઝડપે અને માનવ જીંદગી જોખમાય તે રીતે બેફીકરાઈથી ચલાવી ધ્રુબકાનેશ રોડ પર ફરીયાદીના દિકરા લખમણ બટુકભાઈ મોરીને તથા ફરીયાદી લીલુબેન વા.ઓ.બટુકભાઈ જીવાભાઈ મોરીને હડફેટે લેતાં ફરીયાદીના દિકરાને ડાબા પગમાં ફ્રેકચર તથા ગોઠણથી પગ અલગ કરી (કપાઈ

ગયેલ) તેમજ કમરનાં ભાગે ઈજા કરી નાશી જઈનેભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટની કલમ–૧૮૩, ૧૮૪,૧૭૭,૧૩૪ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ? આ કામે **ફરીયાદી લીલુબેન બટુકભાઈ મોરીએ આંક–૧૭ થી સોંગદ પર ના** પુરાવામાં જણાવેલ છે કે, બનાવ ચારેક વર્ષ પહેલા બનેલ અને તે દિવસે તેણી તેણીના દિકરા લખમણને સવારના બાલ મંદિરે મુકી અને બપોરના બારેક વાગ્યે લઈને ઘરે આવતી હતી ત્યારે હનુમાનના મંદિર આગળ પહોંચતા ત્યાં પાછળથી એક સફેદ કલરની ગાડી આવેલ અને તે વાહન ચાલકે તેણી તથા તેણી ના દિકરાને હડફેટે લેતા તેઓ પડી ગયેલ અને તેણીના દિકરાને પગમાં અને કમરના ભાગે ઈજા પહોંચેલી અને ત્યાં ઘણા માણસો ભેગા થઈ ગયેલ જેઓએ ગાડીના નંબર તેણીને ચિઠ્ઠીમાં લખીને આપેલા હતા. બનાવમાં તેણીના દિકરાને પ્રથમ રાણાવાવ, બાદમાં પોરબંદર અને ત્યાંથી જામનગર સારવારમાં લઈ ગયેલ હતા. જામનગર લખમણના પિતા બટુકભાઈ તથા રાજુભાઈ મોરી લઈ ગયેલા હતા. આ અકસ્માત કરનકાર વાહનના નંબર મને ખબર નથી પરંતુ તેણીને લખમણભાઈ એ લખીને આપેલા હતા. આ વાહન ચલાવનારને અકસ્માત વખતે તેણીએ જોયેલ હતો પરંતુ હાલ આરોપીને જોઈને ઓળખી શકે નહીં. તેઓ રસ્તામાં જતા હતા તે દરમ્યાન રામગઢ બાજુથી વાહન આવેલ અને તેઓને પાછળથી હડફેટે લીધેલ અને આ બનાવ બાબતેની ફરીયાદ રાણાવાવ પોલીસ સ્ટેશને આપેલી, જે ફરીયાદ **આંક–૧૮** માં તેણીના અંગુઠાનું નિશાન ઓળખી બતાવેલ છે.

**જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકત નો સ્વીકારેલ છે કે,** કષ્ટભંજન હનુમાન મંદિર વાળો રસ્તો સીંગલ પટ્ટી છે અને આ રસ્તા ઉપર બે વળાંક આવેલ છે. વળાંક આવેલ હોય એટલે ગાડી ધીમી કરવી પડે, સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે,અકસ્માત કરનાર ગાડી ધીમી ન હતી અને ફુલ સ્પીડમાં હતી. મારા

દિકરાના અકસ્માત અંગે અમોએ કલેઈમ કરેલ છે. હું અભણ હોવ ગાડીના નંબર ખબર નથી.

**એ હકીકત નો ઈન્કાર કરેલ છે કે,** ફરીયાદમાં શું લખેલ છે તેની મને ખબર નથી. બનાવ વખતે મે ગાડી નંબર જોયેલા નથી. મારા દિકરાનું અકસ્માત થયેલ ઈજાનું વળતર મેળવવા માટે કલેઈમ કરેલ હોય, જેથી મે તે કલેઈમના કામે ફરીયાદ રજુ કરવા માટે આરોપી વિરૂધ્ધ ખોટી ફરીયાદ કરેલ છે અને તે ખોટી ફરીયાદ ને સમર્થન આપવા ખોટી જુબાની આપુ છું.

<u>(૯.૧). પંચ સાહેદો :</u>- આ કામે ફરીયાદપક્ષ તરફે **<u>પંચસાહેદ મુકેશભાઈ દ્વારકાદાસ જોષીને આંક-૧૨ થી તથા પંચસાહેદ સફીકભાઈ પ્લારઅલી કાનાણી ને આંક-૧૯ થી</u>** સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ એ **આંક-૧૩** ના બનાવવાળી જગ્યાના તથા **આંક-૧૪** ના આરોપીના અટક પંચનામાના પંચસાહેદો છે તેઓ એ પંચનામા માં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે તે સિવાય અન્ય કોઈ હકીકત ને સમર્થન આપેલ નથી.

(૯.૨). ફરીયાદપક્ષ તરફે **<u>સાહેદ બટુકભાઈ જીવાભાઈ મોરીને આંક-૧૫ થી</u>** સોગંદ ઉપર ના પુરાવામાં જણાવેલ છે કે,સને-૨૦૧૯ ની સાલમાં તેઓ રાણાવાવમાં રીક્ષા ચલાવતા હતા ત્યારે તેમની પાડોશમાં રહેતા જેશા ભીમાનો ફોન આવેલ અને કહેલ કે, તારા દિકરા લખમણને ધ્રુબકાનેશ તારા ઘર પાસે એકસીડન્ટ થયેલ છે, અમે તેને રાણાવાવ દવાખાને લઈને આવીએ છીએ તું ત્યાં આવ, એવુ જણાવતા હું દવાખાને ગયેલ અને તેઓ પણ ત્યાં પહોંચી ગયેલ હતા. ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સ આવી જતા તેમાં હું, જેશાભાઈ તથા મારી પત્ની લીલુ અમો ત્રણેય જણા તેને પોરબંદર ભાવસિંહજી હોસ્પિટલમાં લઈ ગયેલા અને ત્યાંથી પ્રાઈવેટ વાહનમાં જામનગર શારદા હોસ્પિટલમાં લઈ ગયેલ અને આ

બનાવમાં મારા દિકરા લખમણનો પગ કપાઈ ગયેલ હતો અને મારા ભાઈ ભીમા નો મને ફોન આવેલ અને તેઓએ મને જણાવેલ કે, લખમણનું એકસીડન્ટ એક ખુલ્લા ઠાઠાવાળા વાહન સાથે થયેલ હતું અને તેના નંબર તેઓએ મને જણાવેલ હતા પરંતુ હાલ મને યાદ નથી અને આ અકસ્માત થયા બાદ વાહન ચાલક ત્યાંથી ભાગી ગયેલ હતો. આવી હકીકત અમોને ભીમાએ જણાવેલ હતી. બનાવનું કારણ એ હતું કે, મારી પત્ની લીલુબેન મારા દિકરા લખમણને બાલ મંદિર થી લઈને ઘરે આવતી હતી તે દરમ્યાન રામગઢ તરફથી એક ખુલ્લા ઠાઠાવાળા વાહન ચાલકે મારા દિકરાને હડફેટે લેતાં બનાવ બનેલ.

**જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે,** બનાવ મે નજરે જોયેલ નથી પરંતુ મારા પત્નીએ જોયેલો છે. બનાવ અંગે મને કોઈ જાત માહિતી નથી. મને લખતા–વાંચતા આવડતુ નથી. મારા નિવેદનમાં પોલીસે શું લખેલ છે તેની મને ખબર નથી.

**(૯.૩).** ફરીયાદપક્ષ તરફે **<u>સાહેદ કરશનભાઈ દાસાભાઈ કોડીયાતરને આંક–૨૧ થી</u>** સોગંદ ઉપર ની જુબાની માં જણાવેલ છે કે, લીલુબેન સાથેનો અકસ્માતનો બનાવ તા.૨૬/૧૨/૨૦૧૯ નાં રોજ બપોરના બાર થી સાડા બાર વાગ્યે બનેલ અને બનાવના દિવસે સાહેદ તેમના ઘરેથી રાણાવાવ બાઈકમાં જતા હતા ત્યારે તેમની આગળથી એક સ્પીડમાં ગાડી નં.જી.જે.૨૫.યુ–૪૦૦૯ ગયેલ જેણે લીલુબેન તથા તેણીના દિકરાને હડફેટે લીધેલ. સદર ગાડી સફેલ કલરની અને ખુલ્લા ઠાઠાવાળી હતી. અકસ્માત બાદ આ ગાડી ત્યાંથી જતી રહેલ હતી. ત્યારબાદ હું રાણાવાવ મારા કામ માટે નિકળી ગયેલ હતો અને બીજા લોકો આ બંનેને દવાખાને લઈ ગયેલા. આ અકસ્માતમાં લખમણનો પગ કપાઈ ગયેલ હતો. આ અકસ્માતમાં લીલુબેન ને સામાન્ય ઈજા થયેલી હતી અને તેઓ હાલતા ચાલતા હતા. આ સફેદ કલરની ગાડીના વાહન ચાલકને અમો એ જોયેલ નથી.

**જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે,** હું ધોરણ ૧૦ નાપાસ છું. બનાવ પછી હું તરત જ પહોંચેલ અને ગાડી મારી ઓવરટેક કરી નિળકેલ હતી. બનાવ પછી અંદાજે ૧૦ મિનીટ પછી પહોંચેલ. બનાવ બન્યા પછી હું ત્યાં પહોંચેલો. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, ગાડી મારી નજર સામેથી નિકળી ગયેલી, ઉભવી રહેલ નહીં. વાહનના નંબર ગાડી પસાર થયેલ ત્યારે જોયેલા. બનાવવાળો રોડ એ વળાંક વાળો રોડ છે. સાહેદ જણાવે છે કે, વળાંક પહેલા અકસ્માત થયેલ. લીલુબેન એ કલેઈમ કરેલ કે કેમ તેની મને ખબર નથી. મને એ વાતની ખબર નથી કે મે પોલીસને લખાવેલ હોય અને પોલીસે લખેલ હોય તે રીતે મારૂ નિવેદન નોંધલ કે કેમ?

**(૯.૪).** આ કામે ફરીયાદપક્ષ તરફે **<u>સાહેદ ભીમાભાઈ જીવાભાઈ મોરીને આંક–૨૨ થી</u>** સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ તેમની જુબાની માં જણાવેલ છે કે, લીલુબેન તેમના ભાભી થાય છે અને તેણી સાથેનો અકસ્માતનો બનાવ બનેલ ત્યારે સાહેદ ઘરે હતા અને બનાવની જાણ સાહેદના સસરા જેશાભાઈએ ફોનથી કરેલી. જેથી હું લીલુબેનના ઘરે ગયેલ ત્યાં ઘરે કોઈ હાજર ન હતુ. ત્યારબાદ હું રાણાવાવ સરકારી દવાખાને ગયેલ અને ત્યાંથી ૧૦૮ માં લખમણને પોરબંદર સરકારી દવાખાને લઈ ગયેલ. ત્યારબાદ  ત્યાંથી વધુ સારવાર માટે જામનગર જામનગર જવાનું કહેતા તેઓને વધુ સારવાર માટે બટુકભાઈ તથા જેશાભાઈ લઈ ગયેલ હતા અને અમો ત્યાંથી ઘરે પરત ફરેલ હતા. લખમણભાઈને અકસ્માતમાં ફોરવ્હીલ વાળા લગાડતા ગયેલ હતા. આ અકસ્માત ખુલ્લા ઠાઠાવાળી બોલેરો સફેદ કલરની ગાડી સાથે ગયેલ હતો. આ ગાડીના નંબર મને ખબર નથી. આ અકસ્માતની જાણ અમોને અમારા સસરા જેશાભાઈએ કરેલ હતી.

**જયારે ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે,** બનાવ વખતે હું ઘરે હાજર હતો. બનાવ કેવી રીતે બનેલ તેની મને અંગત જાત માહિતી નથી.

(૯.૫). ફરીયાદપક્ષ તરફે **<u>સાહેદ જેશાભાઈ ભીમાભાઈ કોડીયાતર ને આંક–૨૪ થી</u>** સોગંદ ઉપર ની જુબાની માં જણાવેલ છે કે, બટુકભાઈના દિકરા તથા તેના પત્ની સાથેનો અકસ્માતનો બનાવ ત્રણેક વર્ષ પહેલા બપોરના બારેક વાગ્યાની આસપાસ સાહેદના ઘરથી આશરે ૫૦–૬૦ મીટર રોડ ઉપર બનેલ હતો. બનાવમાં સાહેદ સામે જ બેઠા હતા અને અવાજ આવતા તેઓ ત્યાં જતા લીલુબેન અને તેણીનો છોકરો લખમણ ત્યાં પડેલ હતા. અકસ્માત કરનાર ધોરા કલરની અને ઠાઠાવાળુ વાહન હતુ. બનાવમાં લખમણનો પગ કપાઈ ગયેલ હતો. ત્યારબાદ લખમણને અમો તથા લીલુબેન એક વાહનમાં રાણાવાવ દવાખાને સારવાર માટે લઈ ગયેલ હતા. રાણાવાવ થી સારવાર માટે ૧૦૮ માં પોરબંદર દવાખાને લઈ ગયેલ હતા. પોરબંદરથી જામનગર દવાખાને લઈ ગયેલ હતા અને અમો પણ જામનગર સાથે ગયેલ હતા. ત્યાં જામનગર લખમણનું ઓપરેશન કરેલ હતુ. જામનગર થી અમો બે દિવસ પછી ઘરે આવેલા. આ વાહન બિલેશ્વર ખોડીયાર મંદિર બાજુથી આવેલ હતુ અને આ અકસ્માત ધ્રુબકાનેશ પાસે થયેલ. આ વાહનના નંબર મને ખબર નથી. આ વાહનનો ચાલક કોણ હતો તેની મને ખબર નથી અને તેને જોઈને પણ હું ઓળખી શકું નહીં.

**જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે,** બનાવ બનેલ ત્યારે હું મારા ઘરની બહાર બેઠેલ હતો. મને લખતા–વાંચતા આવડે તેટલુ ભણેલ છું.

(૯.૬). આ કામે ફરીયાદપક્ષ તરફે **<u>સાહેદ સાગરસિંહ કીરીટસિંહ જાડેજાને આંક–૨૬ થી</u>** સોગંદ ઉપર ની જુબાની માં જણાવેલ છે કે, સાહેદ રેલ્વેમાં ફોરવ્હીલ ગાડી કોન્ટ્રાકટમાં રાખે છે, જેમાં રેલ્વે સ્ટેશનોમાં જરૂર પડે ત્યારે માલ લઈ જવાનો હોય છે. તેઓ સબીર ઉર્ફે શબલો મહમદ સલોતને ઓળખે છે, તેઓ

અમારી પાસે ત્રણેક વર્ષ અગાઉ ડ્રાઈવર તરીકે નોકરી ઉપર આવેલ હતા અને તેઓને અમોએ ડ્રાઈવર તરીકે નોકરી પર રાખેલ હતા. તેઓ અમારી ટાટા જેનન યુટીલીટી નં.જી.જે.૨૫.યુ. ૪૦૦૯ વાહન ચલાવતા હતા, જે ટાટા જેનોન અમારા નામની છે. ત્રણેક વર્ષ અગાઉ અમારી આ ટાટા જેનોન ગાડી સાથે એક અકસ્માત નો બનાવ બનેલ તેની મને બાદમાં જાણ થયેલ. આ અકસ્માત દરમ્યાન રેલ્વે સ્ટેશનથી કામ અર્થે મોકલેલ હતા. આ અકસ્માત રાણાવાવ આગળ હનુમાન મંદિર પાસે બનેલ હતો, તેવી જાણ મને શબીરે કરેલ હતી. શબીરે અમોને જણાવેલ કે, આ અકસ્માત બાળક સાથે થયેલ હતુ. આ બનાવ બાબતે ફરીયાદ થયેલ હતી. તેઓ કોર્ટમાં હાજર આરોપીને ઓળખી બતાવે છે.

**જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે,** બનાવ અંગે મને કોઈ અંગત જાત માહિતી નથી. બનાવ મે નજરે જોયેલ નથી.

(૯.૭). આ કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ ડો.વિકલ્પ વિપીનભાઈ શાહને આંક–૩૫ થી** સોગંદ ઉપર ની જુબાની માં જણાવેલ છે કે, તેઓ જામનગર શારદા હોસ્પિટલમાં આર્થોપેડીક સર્જન તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૨૬/૧૨/૨૦૧૯ નાં રોજ દર્દી લક્ષ્મણ બટુકભાઈ મોરીને બપોરે ૧૨:૦૦ વાગ્યે તેમની સમક્ષ સારવાર માટે આવેલ હતા. સદર દર્દીને તા.૨૬/૧૨/૨૦૧૯ નાં રોજ નેશડા વિસ્તારમાં ફોરવ્હીલ દ્વારા હડફેટે લીધેલ હતા અને તે દર્દીને ઈન્ડોર પેશન્ટ નં.૨૨૫૧૩ થી સારવાર આપેલી હતી. આ દર્દીનું ડાબા પગનું ઓપરેશન કરવામાં આવેલ હતુ, તેનો ગોઠણથી નીચેનો પગ છુંદાય ગયેલ હતો અને લોહીનું પરીભ્રમણ થતુ ન હતું, તેઓનો ગોઠણથી નીચેનો પગ કાપવામાં આવેલ હતો અને આજુબાજુના સ્નાયુ થી કવર કરવમાં આવેલ હતુ અને બાકી રહેલા ભાગને લેવલ કરીને પેક કરવામાં આવેલ હતુ અને ખરાબ થઈ ગયેલ માંસ અને ચામડી કાઢી નાંખવામાં આવેલ હતુ અને ડ્રેસીંગ કરવામાં આવેલ હતુ,

તે દર્દીનું સારવાર સર્ટીફીકેટ તા.૧૫/૦૧/૨૦૨૦ નાં રોજ આપવામાં આવેલ હતુ અને તે બાદ દર્દી સારવાર હેઠળ હતા, આ દર્દીને ઈજા અંગેનું સર્ટીફીકેટ મે મારા હસ્તાક્ષરમાં તૈયાર કરેલુ છે જેમાં નીચે મારી સહી તથા હોસ્પિટલનો સિકકો મારેલ છે, જે **<u>આંક-૩૬</u>** થી રજુ રાખેલ છે. ત્યારબાદ દર્દીને તા.૧૬/૦૧/૨૦૨૦ નાં રોજ કપાયેલા પગના ભાગે બાહય ઈન્ફેકશન ન લાગે તેથી પ્લાસ્ટીક સર્જરી કરવામાં આવેલ હતી અને તા.૨૩/૦૧/૨૦૨૦ નાં રોજ સાંજના ૪:૦૦ વાગ્યે ડીસ્ચાર્જ કરવામાં આવેલ હતા. આ દર્દીની ડીસ્ચાર્જ સમરી **<u>આંક-૩૭</u>** થી રજુ રાખેલ છે.

**જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે,** દર્દીને થયેલ ઈજા અંગે અમોને કોઈ જાત માહીતી નથી. આંક-૩૬ ના ઈન્જરી સર્ટી. માં વાહનના નંબર કે વાહન ચાલકનું કોઈ નામ જણાવેલ નથી.

(૯.૮). આ ગુનાની **<u>તપાસ કરનાર અમલદાર વિજયભાઈ રણછોડભાઈ ચોસલા ને આંક-૪૫ થી</u>** સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ તેમની જુબાની માં જણાવેલ છે કે, તેઓ ગઈ તા.૨૬/૧૨/૨૦૨૦ નાં રોજ રાણાવાવ પોલીસ સ્ટેશનમાં પો.સ.ઈ. તરીકે તેમની ફરજ પર હતા ત્યારે આ ગુનાની તપાસ તેઓને લેખિત ડેપ્યુટ હુકમથી મળેલ તેઓ એ તપાસના કામે સાહેદોના નિવેદનો લીધેલા તેમજ પંચો રૂબરૂ પંચનામા ઓ કરેલ જે પંચનામામાં તેઓ પંચોની અને રૂબરૂપણામાં પોતાની સહી ઓળખી બતાવે છે. તેમજ તપાસના કામે અકસ્માત માહિતી રીપોર્ટ ફોર્મ નં.૫૪ તૈયાર કરેલ અને તપાસના કામે સામેલ રાખેલ, જે **<u>આંક-૪૭</u>** થી રજુ રાખેલ છે. તપસાના કામે સારવાર સર્ટીફીકેટ મેળવેલ અને આરોપી જે વાહન ચલાવતા હતા તે વાહનના દસ્તાવેજો મેળવી તપાસના કામે સામેલ રાખેલ. તેમજ આરોપીનું ડ્રાઈવીંગ લાઈસન્સ મેળવી તપાસના કામે સામેલ રાખેલ, જે **<u>આંક-૪૮</u>** થી **<u>આંક-૫૦</u>** સુધી રજુ રાખેલ છે, તપાસના કામે ફરીયાદીનું વિશેષ નિવેદન લીધેલ. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો

મળતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. સાહેદ આરોપીને ઓળખતા હોવાનું જણાવેલ છે.

**જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં ત. ક. અમલદાર એ હકીકતોનો સ્વીકારેલ છે કે,** ફરીયાદીએ મને કોઈ વાહનના નંબર વાળી ચીઠ્ઠી આપેલ નથી કે આવી ચિઠ્ઠી કબ્જે કરેલ નથી.

**એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે,** પંચો રૂબરૂ કોઈ પંચનામા કરેલ નથી કે પંચો રૂબરૂ આરોપીને અટક કરવામાં આવેલ નથી અને તૈયાર પંચનામામાં પંચોની સહીઓ લીધેલ છે. અમારી આખી તપાસમાં ફરીયાદ મુજબનો કોઈ ગુનો કર્યાનું ફલિત થતુ નથી. આરોપી વિરૂધ્ધ કોઈ પણ જાતનો પુરાવો ન મળી આવેલ હોવા છતાં આરોપી વિરૂધ્ધ ખોટુ ચાર્જશીટ કરેલ છે અને ખોટી જુબાની આપુ છું.

(૯.૯). હવે, આ કામે પુરાવા નુ વિષ્લેષણ તથા મુલ્યાંકન કરતા પહેલા કાયદા ની જોગવાઈયો ધ્યાને લેવી જરૂરી જણાય છે જે નીચે મુજબ ની છે.

**The Indian Penal Code, 1860,**

**Section 279. Rash driving or riding on a public way.—** Whoever drives any vehicle, or rides, on any public way in a manner so rash or negligent as to endanger human life, or to be likely to cause hurt or injury to any other person, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, or with both.

**Section 337. Causing hurt by act endangering life or personal safety of others.—** " Whoever causes hurt to any person by doing any act so rashly or negligently as to endanger human life, or the personal safety of others, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to five hundred rupees, or with both."

**338. Causing grievous hurt by act endangering life or personal safety of others. —**Whoever causes grievous hurt to any person by doing any act so rashly or negligently as to endanger human life, or the personal safety of others, shall be punished with impris-onment of either description for a term which may extend to two years, or with fine which may extend to one thousand rupees, or with both.

**(૯.૧૦).** હવે**,** આ કામે કાયદા ની જોગવાઈયો ધ્યાને લીધા બાદ **નામદાર વડી અદાલત ના ચુકાદા માં પ્રસ્થાપિત સિધાંતો** વંચાણે લેવા જરૂરી છે જે નીચે મુજબ ના છે.

**The State of Karnataka v. Satish, 1998 SCC, 493** wherein it was held that merely because the truck was being driven at a 'high speed' does not be speak of either 'negligence' or 'rashness' by itself, and in the absence of any material on the record, no presumption of 'rashness' or 'negligence' could be drawn by invoking the maxim res ipsa loquitur.

In the case of **Mohammed Aynuddin @ Miyam Vs. State Of Andhra Pradesh**, **AIR 2000 SUPREME COURT 2511,** wherein the Hon'ble Apex Court has discussed in detail as to what constitute a rash or negligent act. It interalia held the following: " 36.The term "rash and/or negligent driving" has already been discussed at length in the preceding part of this judgment.Indifference to the consequences of one's act or absence of reasonable care and precaution is the most important ingredient constituting rashness or negligence. It should be noted that intention of the person acting rash or negligent act is immaterial. What is important is that he has not taken due care or has done the said act with indifference to the consequences."

**Harish Vs. State of Karnataka, 2025, KHC, 17717.** Hon'ble Karnataka High Court recently emphasized that PW-1's vague claim of high speed lacked specificity, stating, "*he grossly failed to explain what*

*amounts to high speed and what was the speed at which the accused/petitioner was driving*." Applying the '***Principle of Foreseeability and Proximity***' from Donoghue v Stevenson (1932), the court reasoned that the petitioner, driving on the correct side of the road, could not have anticipated the deceased's sudden appearance. The court concluded, "*the prosecution abjectly failed to place cogent evidence and documents to substantiate that the accused drove the car rash and negligently leading to the accident.*"

## પુરાવા નું પ્રથ્થકરણ, વિશ્લેષણ અને મુલ્યાંકન :-

**(૯.૧૧).** આ કામે ફરીયાદપક્ષનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો નુ મુલ્યાંકન તથા વિશ્લેષણ કરતા, ઈજા પામનાર લખમણ બટુકભાઈ ને તા.૨૬/૧૨/૨૦૧૯ નાં રોજ કલાર ૧૨:૦૦ વાગ્યાના અરસામાં રોડ પર સાઈડ માં જતા હતા ત્યારે આરોપીએ પોતાના કબ્જા-હવાલા વાળુ વાહન GJ-25-U-4009 ધ્રુબકાનેશ રોડ પર હડફેટે લેતાં લખમણ ને ડાબા પગમાં ફ્રેકચર તથા ગોઠણથી પગ અલગ કરી (કપાઈ ગયેલ) તેમજ કમરના ભાગે ઈજા કરી નાશી ગયેલ હોવાનુ પુરાવો રેકર્ડ પર આવેલ છે પરંતુ ઈજા પામનારના માતા ફરીયાદી લીલુબે બનાવ ને નજરે જોનાર એ આરોપીને જોયેથી ઓળખી શકે નહીં તેવુ જણાવેલ છે. વધુમાં ફરીયાદપક્ષ ના અન્ય સાહેદો એ વાહન ના રજીસ્ટ્રેશન નંબર કે આ આરોપી વાહન હંકારતો હતો તે પુરાવો આપેલ નથી. આમ, આરોપીએ આ વાહન મારંમાર કે બેદરકારી કે ગફલતભરી રીતે વાહન હાંકી ને ફરીયાદી ના દિકરા લખમણને અકસ્માતમાં ઈજા પહોંચાડેલ હોવાની કોઈ સ્પષ્ટ હકીકત રેકર્ડ પર આવેલ નથી અને રોડ રસ્તા પર વધુ ઝડપ માં વાહન હાંકવા માત્ર થી આરોપી એ વાહન બેદરકારી થી હાંકેલ હોવા ની હકીકત માની શકાય નહી.

વધુમાં, સદર હકીકત ના સમર્થન માં નામદાર વડી અદાલત દ્વારા **Suseelan Vs. State of Kerala & Another, 2024 LiveLaw (Ker) 709.** In This case Hon'ble Kerala High Court has recently held that;

*The key legal principles established in this judgment are:*

1. *Driving at high speed alone does not automatically constitute rash or negligent driving.*
2. *"High speed" or "over speed" are relative terms, and the prosecution must establish what constitutes high speed in the specific context of each case.*
3. *When a rash or negligent act is preceded by knowledge that it is likely to cause death, Section 304 Part II IPC applies rather than Section 304A IPC.*
5. *Driving under the influence of alcohol beyond permissible limits, on the wrong side of the road, creates a presumption of knowledge that such actions are likely to cause death.*

**(૯.૧૨).** આમ, નામદાર વડી અદાલત ના ચુકાદા માં પ્રસ્થાપિત સિધાંત મુજબ ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ ની વાહન બેદરકારી કે ગફલતભરી રીતે હાંકી ને અકસ્માત કરેલ હોવા ની હકીકત તેમજ વાહન નંબર તથા આરોપી બનાવ સમયે વાહન હાકંતો હોવા ની હકીકત નિ:શંકપણે પુરવાર કરેલ ન હોય તો આરોપી ને અકસ્માત કરી ગંભીર ઈજાઓ નિપજાવેલ હોવાના ગુના માં તકસીરવાન ઠરાવવું ન્યાયોચિત, વ્યાજબી અને યોગ્ય જણાતુ નથી તેથી મુદ્દા નં.૧ નો જવાબ **નકારમાં** આપવામાં આવે છે.

**(૧૦). મુદદા નં. ૨ :–**. આ કામના મુદ્દા નં.૦૧ નો નિર્ણય ધ્યાને લેતા નિર્ણય ધ્યાને લેતા તથા ઉપરોકત ચર્ચેલ તમામ હકીકતો ધ્યાને લેતા ન્યાય ના વિશાળ હીત માં મુદદા નં.૨ લગત નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

**(૧).** આ કામના આરોપીને સી.આર.પી.સી.,૧૯૭૩ ની કલમ-૨૫૫ (૧) અન્વયે ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટ ની કલમ-૧૮૩, ૧૮૪, ૧૭૭, ૧૩૪ મુજબના ગુના ના કામે શંકા નો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨).** વધુમાં, આરોપીએ રજુ રાખેલ જામીનને સી.આર.પી.સી. કલમ-૪૩૭-એ અન્વયે છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ **તા.૧૫ મી, માહે-એપ્રિલ, સને-૨૦૨૬** ના રોજ વાંચી, સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તારીખ :૧૫/૦૪/૨૦૨૬**
**સ્થળ : રાણાવાવ.**

**(નારાયણ લાલ શર્મા)**
**(CODE No. GJ 01439)**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, રાણાવાવ.**